# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **જા.ક્ર.-૩૩/૨૦૧૭-૧૮ થી જા.ક્ર.-૩૯/૨૦૧૭-૧૮ માટે તારીખ-૧૭/૦૭/૨૦૧૭ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૦૨/૦૮/૨૦૧૭ (૧૩:૦૦ કલાક)** સુધી **Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે **શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ**, ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ **https://gpsc-ojas.gujarat.gov.in** ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ–સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે **https://gpsc-ojas.gujarat.gov.in** પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. તારીખ-૧૫/૦૭/૨૦૧૭

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | | | ૫ | | | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | | | | |
| ૩૩ | સમાજ કલ્યાણ અધિકારી, સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૨ (નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું) | ૦૫ | | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૦/૧૨/૨૦૧૭ | ફેબ્રુઆરી-૨૦૧૮ | માર્ચ-૨૦૧૮ |
| ૩૪ | તબીબી અધિકારી, ગુજરાત આરોગ્ય સેવા, વર્ગ-૨ | ૧૬૯૩ | | ૮૬૩ | ૪૫૭ | ૧૧૯ | ૨૫૪ | ૨૮૫ | ૧૫૧ | ૩૯ | ૮૪ | ૫૧ | ૧૭ | ૦૫/૧૧/૨૦૧૭ | ડિસેમ્બર-૨૦૧૭ | ફેબ્રુઆરી-૨૦૧૮ |
| ૩૫ | પ્રિન્સિપાલ, ગુજરાત નર્સીંગ સેવા, વર્ગ-૧ | ૦૮ | | ૦૫ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૭/૧૨/૨૦૧૭ | ફેબ્રુઆરી-૨૦૧૮ | માર્ચ-૨૦૧૮ |
| ૩૬ | જુનિયર સહાયક વિદ્યુત નિરીક્ષક, વર્ગ-૨ | ૧૫ | | ૦૯ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૧૨/૧૧/૨૦૧૭ | જાન્યુઆરી-૨૦૧૮ | માર્ચ-૨૦૧૮ |
| ૩૭ | મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૨ | ૪૦૦ | | ૨૦૪ | ૧૦૮ | ૨૮ | ૬૦ | ૬૭ | ૩૬ | ૦૯ | ૨૦ | ૧૨ | ૦૪ | ૧૨/૧૧/૨૦૧૭ | જાન્યુઆરી-૨૦૧૮ | માર્ચ-૨૦૧૮ |
| ૩૮ | પોલીસ ઈન્સ્પેકટર (બિન-હથિયારી), વર્ગ-૨ | ૧૧૫ | | ૬૦ | ૩૦ | ૦૮ | ૧૭ | ૨૦ | ૧૦ | ૦૨ | ૦૬ | ૦૦ | ૦૦ | ૨૯/૧૦/૨૦૧૭<br>મુખ્ય પરીક્ષાની તારીખ-૧૧, ૧૮ ફેબ્રુઆરી-૨૦૧૮ | ડિસેમ્બર-૨૦૧૭<br>મુખ્ય પરીક્ષાના પરિણામનો સંભવિત માસ જુન-૨૦૧૮ | જુન/જુલાઈ-૨૦૧૮ |
| ૩૯ | ગુજરાત ઈજનેર સેવા (સિવિલ), વર્ગ-૧ અને વર્ગ-૨ | ૨૪૫ | વર્ગ-૧ ૩૮ | ૨૩ | ૧૨ | ૦૧ | ૦૨ | ૦૭ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૨/૧૦/૨૦૧૭ | જાન્યુઆરી-૨૦૧૮ | ઓગસ્ટ-૨૦૧૮ |
| | | | વર્ગ-૨ ૨૦૭ | ૧૧૧ | ૫૭ | ૧૧ | ૨૮ | ૩૭ | ૧૮ | ૦૪ | ૦૮ | ૦૬ | ૦૧ | મુખ્ય પરીક્ષા તારીખ-૦૮, ૧૫ એપ્રિલ-૨૦૧૮ | જુલાઈ-૨૦૧૮ | |

**નોંધ:**- (૧) આખરી પરિણામ રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજિત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૨) સીધી ભરતીના કિસ્સામાં (**જા.ક્ર.-૩૮/૨૦૧૭-૧૮ અને જા.ક્ર.-૩૯/૨૦૧૭-૧૮ સિવાય**) પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેનું ૫૦ ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦ ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. આખરી પસંદગીમાં આયોગ જે લધુત્તમ ધોરણ નક્કી કરશે તે લાગુ પડશે અને તેના મેરીટલીસ્ટના આધારે પસંદગી યાદી આખરી કરવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે. આખરી પરિણામ વખતે જ ઉમેદવારે મેળવેલ આખરી ગુણ જાહેર કરવામાં આવશે.

(૩) જા.ક્ર.-૩૮/૨૦૧૭-૧૮ ના સંદર્ભમાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને ભરતી નિયમોની જોગવાઈઓ સંતોષતા ઉમેદવારોમાંથી કૂલ જગ્યાઓના આશરે ૨૦(વીસ) ગણા ઉમેદવારોને શારીરિક ક્ષમતા કસોટીમાં પ્રવેશ આપવામાં આવશે અને ત્યારબાદ સફળ ઉમેદવારોને મુખ્ય (લેખિત) પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. શારીરિક ક્ષમતા કસોટીમાં ઉત્તીર્ણ થયેલ અને જાહેરાતની જોગવાઈ મુજબ શારીરિક માપદંડ ધરાવતા ઉમેદવારોને જ મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. જાહેરાતની કૂલ જગ્યાના આશરે ત્રણ ગણા ઉમેદવારોને આ જગ્યાના ભરતી પરીક્ષાના નિયમોની જોગવાઈ અનુસાર રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે.

**જાહેરાત ક્રમાંક:-૩૮/૨૦૧૭-૧૮ તથા જાહેરાત ક્રમાંક:-૩૯/૨૦૧૭-૧૮**ની જગ્યાના પરીક્ષા નિયમોની જોગવાઈ મુજબ આખરી ગુણ, આ જગ્યાઓના આખરી પરિણામ પ્રસિધ્ધ થયા બાદ જ જણાવવામાં આવશે.

(૪) જે ઉમેદવારો નિયત લાયકાતની પદવીના છેલ્લા સેમેસ્ટર/ વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે અથવા થનાર છે પરંતુ જેનું પરિણામ પ્રસિધ્ધ થયેલ ના હોય તેવા ઉમેદવારો પ્રિલિમિનરી પરીક્ષા માટે અરજી કરી શકશે; પરંતુ તેઓએ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની પદવી, મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ હોવી જોઈશે, જે નહીં મેળવેલ હોય તો તેમને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહીં. વધુમાં શારીરિક ક્ષમતા કસોટીની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે.

(૫) ઉમેદવારોની પ્રાથમિક કસોટીની OMR Answer Sheet પ્રાથમિક કસોટી પૂર્ણ થયા બાદ વહેલી તકે આયોગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે

(૬) (૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે. (૨) કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત / વિનંતી ગ્રાહય રાખવામાં આવશે નહિ. (૩) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૪) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો (સામાન્ય સૂચનાઓમાં આપેલ ક્રમમાં) તૈયાર રાખવાના રહેશે.

(૭) ૨૦૧૭-૧૮ના સૂચિત કાર્યક્રમમાં દર્શાવેલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની વિવિધ શાખાઓની મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ-૧ની જગ્યાઓ માટે Medical Council of India પ્રમાણે ભરતી નિયમો (RR)માં થતા ફેરફારના લીધે જાહેરાત આપી શકાય તેમ નથી. તેવી જગ્યાઓની જાહેરાતો હવે પછી પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૮) ઉંમરનાં પુરાવા માટે SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC) માટે પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. ANNEXURE-‘A’ (ENGLISH) માન્ય ગણાશે નહીં

(૯) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાની સામે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈ સીધી રૂબરૂ મુલાકાત ગોઠવવાનો આયોગનો અબાધિત અધિકાર રહેશે.